પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૦૨ | ૨૨ જુન, ૨૦૨૨, બુધવાર; જયેષ્ઠ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ સરકાર મહાસંકટમાં

મહારાષ્ટ્ર મહા અઘાડી સરકારના ૩૫થી વધુ ધારાસભ્યો સુરતમાં : કર્ણાટક, મધ્યપ્રદેશ અને હવે મહારાષ્ટ્રમાં રાજકીય ડ્રામા : શિંદે સાથે જે ધારાસભ્યો સુરત આવ્યા છે તે તેમની સાથે છે કે નહીં તે હજુ સત્તાવાર રીતે જાણવા નથી મળ્યું, સરકાર બચાવવા શિવસેનાના ધમપછાડા

મુંબઈ, તા.૨૧

કર્ણાટક, મધ્યપ્રદેશ અને હવે મહારાષ્ટ્ર... શિવસેનાની આગેવાનીમાં છેલ્લા અઢી વર્ષથી ચાલી રહેલી મહા વિકાસ અઘાડી સરકાર સામે હવે મોટું સંકટ સર્જાયું છે. તેવામાં હવે સવાલ એ છે કે શું મહારાષ્ટ્રમાં પણ એ જ થશે કે જે કર્ણાટક અને મધ્યપ્રદેશમાં થયું, કે પછી રાજસ્થાનના સીએમ ગેહલોતની માફક ઉદ્ધવ ઠાકરે ચમત્કાર કરી પોતાની સરકાર બચાવી લેશે? શિવસેનાના ટોચના નેતા અને મંત્રી એકનાથ શિંદે અપક્ષ સહિત પોતાના ખાસ ધારાસભ્યો સાથે સુરત આવી પહોંચતા ઉદ્ધવ ઠાકરે સરકાર કપરી

સ્થિતિમાં આવી પડી છે. બીજી તરફ, સરકારમાં શિવસેનાના સાથી અને મહારાષ્ટ્રના પોલિટિકસના કિંગ ગણાતા

એનસીપીના વડા શરદ પવારે કહી દીધું છે કે શિવસેનાએ પોતે જ પોતાના ધારાસભ્યોને મનાવવા પડશે.

શિંદે સાથે જે ધારાસભ્યો સુરત આવ્યા છે તે તેમની સાથે છે કે નહીં તે હજુ સત્તાવાર રીતે જાણવા નથી મળ્યું. જોકે, એકનાથ શિંદેની ગણતરી મહારાષ્ટ્રના કદાવર તેમજ બહોળો સમર્થક વર્ગ ધરાવતા નેતા તરીકે થાય છે. તેવામાં તેમનું સરકારની બહુમતી સંકટમાં આવી જાય તેટલી સંખ્યામાં ધારાસભ્ય લઈને ગાયબ થઈ જવું કોઈ નાનીસૂની વાત નથી. મહારાષ્ટ્ર વિધાનસભામાં કુલ ૨૮૮ બેઠકો છે, જેમાંથી ભાજપ પાસે ૧૦૬, શિવસેના પાસે ૫૫, એનસીપી ૫૩, કોંગ્રેસ ૪૪, અપક્ષો ૧૩, અન્યો ૧૬ બેઠક ધરાવે છે જ્યારે એક બેઠક ખાલી પડી છે.

શિવસેનાના નેતા સંજય રાઉત દાવો કરી રહ્યા છે કે તેમણે એકનાથ શિંદે સાથે સંપર્ક સાધી લીધો છે. રાઉતનું એમ પણ કહેવું છે કે, શિંદે ભાજપ પર મહાવિકાસ અઘાડી સરકારને ઘરભેગી કરવાનું ષડયંત્ર રચવાનો આક્ષેપ કરી રહ્યા છે. જોકે, બીજી તરફ એવા પણ અહેવાલ આવી રહ્યા છે કે શિવસેનામાં મોટો બળવો થઈ શકે છે, અને પક્ષના વધુ ધારાસભ્યો ગુજરાત રવાના થઈ અસંતુષ્ટો સાથે જોડાઈ શકે છે.

શિવસેનાના ધારાસભ્યોને સુરતમાં લઈ જવા પાછળ સીઆર પાટીલનો હાથઃ રાઉત

મહારાષ્ટ્રના ધારાસભ્યો સુરત શહેરના અઠવાલાઈન્સમાં આવેલી ૫ સ્ટાર હોટલમાં રોકાયા છે ત્યારે હોટલની બહાર સુરક્ષા વ્યવસ્થા પણ વધારી દેવામાં આવી

સુરત , તા.૨૧

શિવસેનાના નારાજ ધારાસભ્યો કે જેઓ સુરત પહોંચ્યા છે તેના પર પાર્ટીના સાંસદ સંજય રાઉતે સવાલ ઉભા કર્યા છે. તેમણે મધ્યપ્રદેશ અને રાજસ્થાનનો ઉલ્લેખ કરીને ધારાસભ્યોને ગુજરાતમાં શા માટે રાખવામાં આવે છે તેવો સવાલ ઉભો કર્યો છે. તેમણે વધુમાં આ પ્રકારની ઘટના પાછળ ગુજરાત ભાજપના અધ્યક્ષ સીઆર પાટીલનો હાથ હોવાનો પણ આક્ષેપ કર્યો છે. મહત્વનું છે કે શિવસેનાના નારાજ મંત્રી એકનાથ શિંદે સહિત ૧૦થી ૨૦ જેટલા ધારાસભ્યો સુરતની હોટલમાં પહોંચ્યા છે. મહારાષ્ટ્રના ધારાસભ્યો સુરત શહેરના અઠવાલાઈન્સમાં આવેલી ૫ સ્ટાર હોટલમાં રોકાયા છે ત્યારે હોટલની બહાર સુરક્ષા વ્યવસ્થા પણ વધારી દેવામાં આવી છે.

શિવસેનાના સાંસદ સંજય રાઉતે કહ્યું કે, મધ્યપ્રદેશ અને રાજસ્થાન પેટન્ટમાં જે થયું છે તેમાં

● અનુસંધાન પાન-૭ પર

શિવસેનાના ધારાસભ્યની પત્નીએ પતિ ગુમ થયાની ફરિયાદ નોંધાવી

મુંબઈ, તા.૨૧

મહારાષ્ટ્રના શિવસેનાના સંભવિત ૨૦થી વધુ ધારાસભ્યોને મુંબઈથી સુરત લાવીને ઓપરેશન લોટસના નવા અધ્યાયની શરૂઆત કરવામાં આવી છે. આ બળવાના કારણે મહારાષ્ટ્રની શિવસેના-એનસીપી-કોંગ્રેસની ગઠબંધનની મહાવિકાસ અઘાડી સરકાર પર પણ કાળા વાદળો છવાયા છે.

મહારાષ્ટ્રની શિવસેનાના સુરત આવેલ ૨૦ ધારાસભ્યોમાંથી એક ધારાસભ્ય નીતિન દેશમુખની તબિયત લા મેરેડિયન હોટલમાં લથડતા તેમને સુરત સિવિલમાં તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાના અહેવાલ છે. જોકે હવે આ મામલે સિવિલમાં દાખલ થયેલ નીતિન દેશમુખ નામની આ વ્યક્તિ શિવસેનાના એમએલએ નથી તેવા અનેક તર્ક-વિતર્ક વચ્ચે એમએલએ નીતિન દેશમુખની પત્નીએ મુંબઈ પોલીસમાં પતિ ગુમ થયાની ફરિયાદ નોંધાવી છે.

શિંદેની શિવસેનાના ધારાસભ્ય દળના નેતાપદેથી હકાલપટ્ટી

અજય ચૌધરીને તેમના સ્થાને કમાન સોંપવામાં આવી, હકાલપટ્ટી પર એકનાથ શિંદેની તિવ્ર પ્રતિક્રિયા

મુંબઈ, તા.૨૧

ધારાસભ્ય પરિષદની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની ૫ બેઠકો પર શાનદાર જીત સાથે જ મહારાષ્ટ્રમાં રાજકીય ભૂકંપ આવ્યો છે. રાજ્યના ઉદ્ધવ ઠાકરેની સરકાર પર સંકટના વાદળ છવાયા છે. મળતી માહિતી પ્રમાણે શિંદેએ સંભવત ૩૦ જેટલા ધારાસભ્યો સાથે સુરતમાં ધામા નાખ્યા છે. તેઓ સુરતની લા મેરિડીયન હોટલમાં રોકાયા છે. આ વચ્ચે અનેક ધારાસભ્યો સાથે સુરત પહોંચેલા એકનાથ શિંદે વિરુદ્ધ શિવસેનાએ મોટું એક્શન લીધું છે. તેમને શિવસેનાના ધારાસભ્ય દળના પદેથી હટાવી દીધા છે. શિવસેનાએ શિંદેને ધારાસભ્ય દળના પદ પરથી હટાવીને અજય ચૌધરીને તેની કમાન સોંપી છે. આ એક્શન બાદ તરત એકનાથ શિંદેએ પણ તીખી પ્રતિક્રિયા આપી છે. અને ઉદ્ધવ ઠાકરે પર સત્તા માટે હિન્દુત્વ સાથે છેતરપિંડીનો આરોપ લગાવ્યો છે. એકનાથ શિંદેએ એક ટ્વિટ કર્યું છે કે, અમે બાળાસાહેબ ના કટ્ટર શિવ સૈનિક છીએ, બાળા સાહેબે અમને હિન્દુત્વનાં પાઠ શીખવ્યા છે. બાળા સાહેબ ના સિદ્ધાંતો અને આનંદ દીઘે સાહેબ નાં શીખવેલા પાઠ સાથે અમે સત્તા ખાતર છેતરપિંડી નહિ કરીએ.

અગ્નિપથ સેવાથી યુવાનોને વધારે અનુભવ મળશે : અજીત ડોવાલ

અગ્નિપથ કોઈ સ્ટેન્ડઅલોન યોજના નથી, સેનામાં ૪ વર્ષ વિતાવ્યા પછી અગ્નિવીર પરત જશે ત્યારે તેઓ સ્કિલ્ડ અને ટ્રેન્ડ હશે

નવી દિલ્હી, તા.૨૧

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોવાલે કહ્યું કે આર્મ ફોર્સિસની ભરતી પ્રક્રિયામાં બદલાવ જરુરિયાતના કારણે કરાયો છે. અગ્નિપથ યોજના પર અજીત ડોવાલે કહ્યું કે, જો આપણે આવતીકાલ માટે તૈયારી કરવી હોય તો આપણે બદલાવું પડશે. તેમણે આજે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, અગ્નિપથ કોઈ સ્ટેન્ડઅલોન યોજના નથી. તેમણે યોજના સાથે જોડાયેલી કેટલીક ગેરસમજણોને દૂર કરવાની કોશિશ કરી છે. ડોવાલે કહ્યું કે સેનામાં ૪ વર્ષ વિતાવ્યા પછી અગ્નિવીર જ્યારે પરત જશે ત્યારે તેઓ સ્કિલ્ડ અને ટ્રેન્ડ હશે. તેઓ સમાજમાં સામાન્ય નાગરિકોની સરખામણીમાં વધારે યોગદાન આપી શકશે.

ટ્રેનિંગ પર વાત કરતા તેમણે જણાવ્યું કે, અગ્નિવીર ક્યારેય આખી સેના નહીં બને, અગ્નિવીર માત્ર ૪ વર્ષ માટે ભરતી કરેલા જવાન હશે. બાકી સેનાનો મોટોભાગ અનુભવી લોકોનો હશે. જે અગ્નિવીર નિયમિત થશે (૪ વર્ષ પછી) તેમને સખત ટ્રેનિંગ આપવામાં આવશે. અનુભવ મેળવવા માટે સમય મળશે. તેમણે કહ્યું કે પહેલો અગ્નિવીર નિવૃત્ત થશે ત્યારે તેમની ઉંમર ૨૫ વર્ષ હશે. ત્યારે ભારતની અર્થતંત્ર ૫ ટ્રિલિયન ડૉલરનું હશે.

રાષ્ટ્રપતિ પદ માટે દ્રૌપદી મુર્મુ એનડીએના ઉમેદવાર

નવી દિલ્હી, તા.૨૧

ભારતના રાષ્ટ્રપતિ પદની ૧૮મી જુલાઈએ યોજાનાર ચૂંટણીમાં એન.ડી.એ.ના ઉમેદવાર તરીકે ઝારખંડના પૂર્વ રાજ્યપાલ અને ઓડિસ્સાના પૂર્વ મંત્રી દ્રૌપદી મુર્મુની પસંદગી કરાઈ છે. મોડીસાંજે કરાયેલી જાહેરાતમાં આદિવાસી મહિલાની પસંદગી કરી દેશમાં મિડીયામાં ચાલતી ચર્ચાઓનો અંત આવ્યો હતો. અગાઉ રાષ્ટ્રપતિ પદ માટે આનંદીબેન પટેલ, અનસુયા અને દ્રૌપદીના નામો ચર્ચામાં મોખરે

હતા. પરંતુ આજે ભાજપની સંસદીય બોર્ડની બેઠકમાં દ્રૌપદી મુર્મુની પસંદગી કરી સૌને ચોકાવી દીધા હતા. ૬૪ વર્ષીય આદિવાસી મહિલા દ્રૌપદી મુર્મુ રમાદેવી વુમન્સ યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક રહ્યા છે. શ્રીમતી મુર્મુ ભારતીય જનતા પાર્ટીના પ્રારંભિક કાળથી અગ્રેસર મહિલા રહ્યા છે. ભાજપની સંસદીય બોર્ડની બેઠકમાં તેમની વરણીના સમાચારે અટકળોનો આવ્યો હતો.

શિંદેને ભાજપે નાયબ મુખ્યમંત્રી પદની ઓફર કરી હોવાની ચર્ચાઓ

એકનાથ શિંદે ચાર ટર્મથી ધારાસભ્ય છે અને તેમના પુત્ર શ્રીકાંત શિંદે પક્ષના લોકસભાના સભ્ય છે

મુંબઈ, તા.૨૧

મહારાષ્ટ્રમાં શિવસેનામાં બળવાની આગેવાની લેનારા એકનાથ શિંદે રાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવી ગયા છે. રાજ્યના શહેરી વિકાસ અને જાહેર બાંધકામ ખાતાંના પ્રધાન શિંદે ચાર ટર્મથી ધારાસભ્ય છે અને તેમના પુત્ર શ્રીકાંત શિંદે પક્ષના લોકસભાના સભ્ય છે.

૫૮ વર્ષીય શિંદેએ રાજકીય કારકિર્દીની શરૂઆત થાણેના મ્યુનિસિપલ કાઉન્સીલર તરીકે કરી હતી. તાજેતરમાં જ જેમના પરથી મરાઠીમાં બાયોપિક ધરમવીર રિલીઝ થઈ છે એવા શિવસેનાના થાણેના પાવરફૂલ લીડર આનંદ દીઘેનો હાથ પકડીને શિંદે રાજકારણમાં આગળ આવ્યા હતા. દીઘેના અવસાન બાદ થાણેમાં શિવસેના માટે સર્જાયેલો રાજકીય શૂન્યાવકાશ શિંદેએ ભરી દીધો હતો અને થાણે ઉપરાંત કલ્યાણ-ડોંબિવલી, ઉલ્લાહસનગર, અંબરનાથ સહિતની પાલિકાઓ, ધારાસભા અને લોકસભામાં પણ શિવસેનાનો ઝંડો લહેરાવવામાં સફળતા મેળવી હતી.

શિવસેના તરફથી તેઓ વિધાનસભામાં સંસદીય દળના નેતા રહી ચૂક્યા છે. અગાઉ એનસીપી અને કોંગ્રેસની યુતિ સરકાર વખતે તેઓ વિપક્ષી નેતા તરીકે પણ કામગીરી બજાવી ચૂક્યા છે. કુશળ સંગઠનકર્તા અને માસ મોબીલાઈઝર તરીકેની તેમની છાપ છે. જોકે, કેટલાય સમયથી શિવસેનાના બીજા કેટલાય નેતાઓની જેમ એકનાથ શિંદેને પોતાને સાઈડલાઈન કરી દેવાયા હોવાનું લાગતું હતું. મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેના નિકટવર્તી લોકોની ટીમ બદલાઈ ગઈ હતી અને તેમાંથી કેટલાક જૂના નેતાઓ દૂર થઈ ગયા હતા. એનસીપીનું ઉપરીપણું પણ આ નેતાઓને ખૂંચતું હતું. હિંદુત્વની આઈડિયોલોજી સાથે સંકળાયેલા નેતાઓને શિવસેનાનો નવો ઠંડો અવતાર ખાસ રાસ આવતો ન હતો.

ભાજપે આવા નારાજ નેતાઓ પર નજર રાખી હતી. શિંદેના પોતાના ભાજપના સંપર્કો પણ કામ આવ્યા હતા. ભાજપે તેમને નાયબ મુખ્યમંત્રીપદની ઓફર કરી હોવાનું કહેવાય છે.

યોગ પાર્ટ ઓફ લાઈફ નહીં, વે ઓફ લાઈફ છે : વડાપ્રધાન મોદી

આખું બ્રહ્માંડ આપણા શરીર અને આત્માથી શરુ થાય છે, બ્રહ્માંડ આપણાથી શરુ થાય છે, યોગ આપણને અંદરની દરેક વસ્તુ પ્રત્યે જાગરુક બનાવે છે : મોદી

મૈસુર,તા.૨૧

આજે ભારત સહિત દુનિયાભરમાં આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ખાસ દિવસે આજે કર્ણાટકના મૈસુરમાં આવેલા પેલેસ ગાર્ડનને દુલ્હનની જેમ સજાવવામાં આવ્યું છે. આ જગ્યા એટલા માટે ખાસ છે કારણ કે અહીં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી યોગ કરી રહ્યા છે. તેમની સાથે કેન્દ્રીય મંત્રીઓ સહિત ૧૫ હજાર જેટલા લોકો જોડાયા છે. જેઓ યોગ કરી રહ્યા છે. આજે સ્કૂલથી લઈને ઓફિસો અને સેનાના જવાનો પર્વત પર, પાણીમાં વગેરે જગ્યાએ યોગ કરીને તેના મહત્વને સમજાવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મૈસુરથી જણાવ્યું કે જે રીતે સૂર્યનો ઉદય થઈ રહ્યો છે તેની સાથે-સાથે લોકો યોગ કરી રહ્યા છે. જે દેશમાં સુર્યોદય થઈ રહ્યો છે તે દેશોમાં યોગ કરીને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ રીતે એક રિંગ બની રહી છે અને તેને ગાર્ડિયન રિંગ ઓફ યોગા તરીકે ઓળખવામાં આવે છે. દુનિયાભરમાં આજે (૨૧ જૂન) આઠમો આંતરરાષ્ટ્રીય યોગ



દિવસ મનાવવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી યોગ દિવસના પ્રસંગે કર્ણાટકના મૈસુરમાં ઉપસ્થિત છે. અહીં પેલેસ મેદાનમાં પીએમ સામૂહિક યોગ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા છે. આ મેદાનમાં પીએમ મોદી સાથે ૧૫૦૦૦ લોકો યોગ કરી રહ્યા છે.

પીએમે કહ્યું કે આ વખતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ #YogaForHumanity છે. હું આ થીમ દ્વારા લોકોને યોગના આ સંદેશાને પુરી માનવતા સુધી પહોંચાડવા માટે સંયુક્ત રાષ્ટ્રનો અને બધા દેશોનો દિલથી ધન્યવાદ કરું છું. યોગ આપણા માટે શાંતિ લાવે છે. યોગથી શાંતિ ફક્ત વ્યક્તિઓ માટે નથી. યોગ આપણા સમાજમાં શાંતિ લાવે છે. યોગ આપણા રાષ્ટ્રો અને વિશ્વમાં શાંતિ લાવે છે. યોગ આપણા બ્રહ્માંડમાં શાંતિ લાવે છે. પીએમ મોદીએ કહ્યું કે આ આખું બ્રહ્માંડ આપણા શરીર અને આત્માથી શરુ થાય છે. બ્રહ્માંડ આપણાથી શરુ થાય છે. યોગ આપણને અંદરની દરેક વસ્તુ પ્રત્યે જાગરુક બનાવે છે અને જાગરુકતાની ભાવનાનું નિર્માણ કરે છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસે પીએમ મોદીએ કહ્યું કે દેશ અને વિશ્વભરના બધા લોકોને આઠમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની હાર્દિક શુભકામના. આજે યોગ દિવસના પ્રસંગે કર્ણાટકની સાંસ્કૃતિક રાજધાની, આધ્યાત્મ અને યોગની ધરતી મૈસરુને પ્રણામ કરું છું.

ઓડિશા-છત્તીસગઢ સરહદ પર થયેલો નક્સલી હુમલો

રાયપુર, તા.૨૧

છત્તીસગઢ-ઓડિશા સરહદ પર નૌપાડામાં નક્સલી હુમલો થયો છે. મંગળવારે બપોરે આશરે ત્રણ કલાકે સીઆરપીએફની રોડ ઓપનિંગ પાર્ટી પર નક્સલી હુમલો થયો છે, જેમાં ત્રણ જવાન શહીદ થયા છે. હુમલો સીઆરપીએફની ૧૯ બટાલિયનની આરઓપી પાર્ટી પર કરવામાં આવ્યો છે. આ હુમલામાં અન્ય કોઈ જવાન ઈજાગ્રસ્ત થયા નથી. રાજ્ય સરકારે ત્રણેય શહીદ જવાનોના પરિવારજનોને ૨૦-૨૦ લાખ રૂપિયાની આર્થિક મદદ કરવાની જાહેરાત કરી છે.

જાણકારી પ્રમાણે જવાન બોડેન પોલીસ સ્ટેશન વિસ્તારના ભૈંસદાનીના જંગલમાં રોડ ઓપનિંગ પાર્ટીમાં તૈનાત હતા. બપોરે આશરે ત્રણ કલાકે નક્સલીઓએ ફાયરિંગ શરૂ કર્યું હતું. જવાનોને કોઈ જવાબ આપવાની તક મળી નહીં. હુમલામાં એસઆઈ શિશુપાલ સિંહ, એએસઆઈ શિવલાલ તથા કોન્સ્ટેબલ ધર્મેન્દ્ર સિંહનું ફાયરિંગમાં ઘટનાસ્થળ પર મોત થયા હતા.

વિપક્ષ તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર યશવંત સિન્હા

વિપક્ષની બેઠકમાં ટીએમસીએ યશવંત સિન્હાનું નામ આગળ વધાર્યું, જેને વિપક્ષના ૧૯ દળોનુ સમર્થન મળ્યું, ૨૭ જૂને નોમિનેશન દાખલ કરશે

નવી દિલ્હી, તા.૨૧

દેશના નવા રાષ્ટ્રપતિની ચૂંટણી ૧૮ જુલાઈએ થવાની છે પરંતુ રાષ્ટ્રપતિ પદના ઉમેદવારો પર તમામની નજર હતી. આ દરમિયાન વિપક્ષ તરફથી પૂર્વ કેન્દ્રીય મંત્રી યશવંત સિન્હાને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવાયા છે. યશવંત સિન્હા ૨૭ જૂને સવારે ૧૧:૩૦ વાગે નોમિનેશન દાખલ કરશે. મંગળવારે વિપક્ષની બેઠકમાં ટીએમસીએ યશવંત સિન્હાનુ નામ આગળ વધાર્યુ, જેને વિપક્ષના ૧૯ દળોનુ સમર્થન મળ્યુ.

દેશના નવા રાષ્ટ્રપતિની ચૂંટણી ૧૮ જુલાઈએ થવાની છે, પરંતુ રાષ્ટ્રપતિ પદના ઉમેદવારો પર તમામની નજર છે. દરમિયાન વિપક્ષ તરફથી યશવંત સિન્હાને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવાયા છે. યશવંત સિન્હાએ આજે દિલ્હીમાં રાષ્ટ્રપતિ પદના ઉમેદવારની ચૂંટણી માટે વિપક્ષની બેઠકમાં હાજરી આપી.

તૃણમુલ કોંગ્રેસના નેતા યશવંત સિન્હાએ મંગળવારે પાર્ટી

છોડવાનુ એલાન કરતા કહ્યુ કે હવે તેઓ વિપક્ષી એકતાના વ્યાપક રાષ્ટ્રીય ઉદ્દેશ્ય માટે કામ કરશે. અમુક દિવસથી એવી અટકળો લગાવાઈ રહી હતી કે તૃણમુલ કોંગ્રેસના પ્રમુખ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પૂર્વ કેન્દ્રીય મંત્રી સિન્હાનુ નામ આગામી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં સંયુક્ત વિપક્ષી ઉમેદવાર તરીકે રજૂ કરશે.

યશવંત સિન્હાએ ટ્વીટ કરી કે, મમતા જી એ જે સન્માન મને તૃણમુલ કોંગ્રેસમાં આપ્યુ, હુ તે માટે તેમનો આભારી છુ. હવે સમય આવી ગયો છે જ્યારે વિપક્ષી એકતાના વ્યાપક રાષ્ટ્રીય ઉદ્દેશ્ય માટે મારે પાર્ટીમાંથી અલગ થવુ જોઈએ.

તાત્કાલિક જોઈએ છે

કુડાસણ વિસ્તારમાં આર્કિટેકની ઓફીસ માટે ઓફીસ બોય (પ્યુન)ની તાત્કાલિક જરૂરિયાત છે.

Mo. : 9925000648